


# લીંબાયતની બેઠક પર એનસીપીની સાથે ગઠબંધન છતાંયે કોંગ્રેસ મેન્ડેટ આપતા વિવાદ

## રત્ના વોરાએ એનસીપીમાંથી રાજીનામું આપ્યું : કોંગ્રેસમાં મેન્ડેટ આપવાની બબાલ છેક સુધી ચાલુ રહી

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે આજે ઉમેદવારી ભરવાના છેલ્લા દિવસે અનેક બેઠકો પર કોંગ્રેસમાં વિવાદ સર્જાયો હતો. જેમાં ગણદેવીની બેઠક પર કુંવરજી હળપતિના નામનો મેન્ડેટ આપવામાં આવ્યો હતો. છેલ્લી ઘડીએ વિરોધ થતાં અન્ય કાર્યકરોએ પણ ફોર્મ ભરી દીધા હતા. આખરે કોંગ્રેસે કુંવરજી હળપતિ જ કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર હોવાનું જાહેર કર્યું હતું.

આ ઉપરાંત સુરત પશ્ચિમની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઋષીત પટેલે ફોર્મ ભર્યું હતું પણ છેલ્લી ઘડીએ ઉષાબેન પટેલના નામનો મેન્ડેટ આવતા બન્ને ઉમેદવારો કાર્યકરો વચ્ચે માથાકુટ થઈ હતી. તેમજ લીંબાયતની બેઠક પર એનસીપી તરફથી જમીરખાન પઠાણે ઉમેદવારી નોંધાવી હતી. આ બેઠક પર કોંગ્રેસ-એનસીપી વચ્ચે ગઠબંધન થયેલું હોવા છતાંયે કોંગ્રેસ દ્વારા સુરેશ સોનવણેના નામનો મેન્ડેટ ઈસ્યુ કરાતા એનસીપી અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. ગઠબંધનને લીધે બાપુનગરમાં એનસીપી તરફથી રત્ના વોરાને ટિકિટ ન અપાતા તેમણે રાજીનામું આપ્યું હતું. તેમજ જુનાગઢ જિલ્લા કોંગ્રેસના અગ્રણી ગિરીશ કોટેચાએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હોવાનું જાણવા મલ્યું છે. કોંગ્રેસમાં ભૂજ-જૂનાગઢ, લુણાવાડા અને ધંધુકામાં ટિકીટના મામલે કાર્યકરોમાં અસંતોષ વ્યાપેલો છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી ભરવાનો આજે છેલ્લો દિવસ હોવાથી પ્રદેશ કાર્યાલયે આજે કોંગ્રેસ કાર્યકરોના ધાડા જોવા મળ્યા ન હતા.

### ભાજપ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી

# અમદાવાદ જિલ્લા ભાજપના બે આગેવાન કોંગ્રેસમાં જોડાયા

અમદાવાદ, તા. ૨૪

આગામી વિધાનસભાની ચૂંટણીમાં પ્રજાલક્ષી શાસન ગુજરાતમાં સ્થપાય તે માટે સમગ્ર રાજ્યમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીના અન્યાયી શાસન, સરમુખત્યારી વલણ સામે આક્રોશ વ્યક્ત કરતા અમદાવાદ જિલ્લાના ભાજપના આગેવાનો કુંવરજી ઠાકોર, કાંતાબેન ઠાકોર તેમના બે હજાર ટેકેદારો સાથે ભાજપનો ભગવો ફેંકીને કોંગ્રેસનો ત્રિરંગો ખેસ ધારણ કર્યો.

રાજીવ ગાંધી ભવન ખાતે ભાજપમાંથી રાજીનામું આપી કોંગ્રેસ પક્ષમાં જોડાતા આગેવાનોને આવકારતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને ગુજરાતના સહપ્રભારી અશોક તંવરજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ તમામ વર્ગ, ધર્મ, જાતિ સહિત સૌના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. કોંગ્રેસ પક્ષ હંમેશા નાના અને નબળા વર્ગોના કલ્યાણ માટે કાર્યરત રહે છે. અમદાવાદ જિલ્લામાંથી જોડાયેલા આગેવાનોને કોંગ્રેસ પક્ષમાં આવકાર્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના હોદેદાર સર્વશ્રી અશોક પંજાબી, મિહીર શાહ, ડો. મનીષ દોશી, અમદાવાદ જિલ્લાના પ્રમુખ પ્રેમજીભાઈ વડલાણી, સેવાદળના જિલ્લા અધ્યક્ષ ધ્રુવ જાદવ સહિતના આગેવાનોએ કોંગ્રેસ પક્ષમાં નવા જોડાયેલ તમામ ટેકેદારોને ઉષ્માભેર આવકાર આપ્યો હતો.

### સોમવારે ફોર્મની ચકાસણી હાથ ધરાશે

# પ્રથમ તબક્કાની ચૂંટણી માટે કુલ ૧૫૩૪ ફોર્મ ભરાયા છે

## ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસ સુધી ભાજપે ૮૭, કોંગ્રેસે ૮૪, જીપીપીએ ૮૫ ફોર્મ ભર્યા : ગણતરીનો દોર

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોની ચૂંટણી તા. ૧૩મી ડિસેમ્બરના રોજ યોજાશે. પ્રથમ તબક્કાની ચૂંટણી આજે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો જેમાં ભાજપ દ્વારા તમામ બેઠકો પર એટલે કે ૮૭ ફોર્મ, કોંગ્રેસ દ્વારા ૮૪ ફોર્મ, ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ૮૫ ફોર્મ અને એનસીપી દ્વારા ત્રણ ફોર્મ તેમજ ૧૨૭૫ જેટલા એસપી, બીએસપી, જનતાદળ અપક્ષો અને મળીને કુલ ૧૫૩૪ ઉમેદવારી પત્રો ભરાયા છે.

ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે કુલ ૧૫૩૪ ફોર્મ ભરાયા છે. ઉમેદવારીપત્રોની ચકાસણી તા. ૨૬.૧૦.૨૦૧૨ને સોમવારના રોજ કરાશે તથા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૮મી નવેમ્બર નક્કી કરવામાં આવી છે. એટલે તા. ૨૮મી સાંજ સુધીમાં ચૂંટણી મેદાનમાં કેટલા ઉમેદવારો રહ્યા તેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

૮૭ બેઠકોની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ભાજપે તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે જ્યારે કોંગ્રેસે એનસીપી સાથે ચૂંટણી જોડાણ કર્યું હોવાથી કોંગ્રેસના ૮૪ ઉમેદવારોએ જંગમાં ઝંપલાવ્યું છે એનસીપીએ પણ ત્રણ ઉમેદવારો ઉભા રાખ્યા છે. જ્યારે ગુજરાત પરિવર્તન પાર્ટીએ ૮૫ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉભા રાખ્યા છે તેમજ બીએસપી, એસપી, જનતાદળ (યુ) અને અપક્ષો મળીને ૧૨૭૫ ઉમેદવારો સહિત કુલ ૧૫૩૪ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

# ચૂંટણી : મતદાન વધારવા માટે જાગૃતિ નિરિક્ષકોની વરણી થઈ

## ગુજરાતમાં ૧૩૫૦૦ મતદાન બુથો પર ૩૦ ટકાથી ઓછું મતદાન થાય છે : ઉંચા મતદાનની ખાતરીના પ્રયાસો શરૂ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં થયેલા ઓછા મતદાનની ગંભીરતાથી નોંધ લઈને ચૂંટણી પંચે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં વધારે મતદાન કરાવવા પ્રથમવાર અવેરનેસ ઓબ્ઝવર્સની નિમણુંક કરી છે. આ ઉપરાંત મતદારોમાં જાગૃતિ વધારવા અને ખાસ કરીને મહિલા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ વધારવા માટે ચૂંટણી પંચે હવે નેશનલ આઈકોન તરીકે ઓલીમ્પીક મેડલ વિજેતા સાઈના નેહવાલ અને મેરી કોમની નિમણુંક કરી છે. ભારતના ચૂંટણી પંચના ડાયરેક્ટર જનરલ અક્ષય રાઉતે આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધારવા માટે ચૂંટણી પંચ માટે ભારે જહેમત કરી રહ્યું છે અને પંચે મતદારોને મતદાનની વિનંતી કરતા પત્રો લખ્યા છે. મતદારોમાં મતદાન અંગે જાગૃતિ વધારવા માટે ચૂંટણી પંચ મલ્ટીમિડીયાનો મહત્તમ ઉપયોગ કરી રહ્યું છે. આ ઉપરાંત આ વખતે ખાસ મહિલાઓની રેલી યોજવામાં આવશે. ગુજરાતમાં ૧૩,૫૦૦ મતદાન બુથો પર ૩૦ ટકાથી ઓછું મતદાન થાય છે. નર્મદા જિલ્લામાં ૧૦૦ વર્ષ કરતાં વધુ વયના લોકોનો પંચ એમ્બેસેડર તરીકે ઉપયોગ કરી રહ્યું છે અને તેઓ લોકોને મતદાન કરવા અપીલ કરશે. કેટલાક શહેરી વિસ્તારોમાં મતદારો વધુ પ્રમાણમાં મતદાન પ્રત્યે ઉદાસ જોવા મળે છે. ગુજરાતમાં ઉપયોગમાં લેવાનાર ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (ઈવીએમ) સંપૂર્ણપણે ટેમ્પરપ્રુફ છે. મતદાન વધારવા પંચ માહિતી, પ્રેરણા અને સવલત પર વિશેષ ભાર મૂકી રહ્યું છે. વડોદરામાં મતદાન માટે જાગૃતિ લાવવા મેરેથોન યોજવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પેઈડ ન્યૂઝના દૂષણને ડામવા પંચ બહુ સતર્ક છે અને ઉમેદવારોના નામ જાહેર થયા હોવાથી હવે જવાબદારી તેમને લાગુ પડશે.



# કાળુ વિરાણી દ્વારા અપક્ષ રૂપે ઉમેદવારી નોંધાવાઈ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સાવરકુંડલાની બેઠક માટે કાળુભાઈ વિરાણીને ફરી ટિકીટ નહિ આપતા વિરાણીએ આ બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. કાળુભાઈ વિરાણી સાવરકુંડલાના ધારાસભ્ય હોવાથી હવે ચૂંટણીમાં આ બેઠક માટે ચતુષ્કોણીય જંગ જામશે. જેમાં ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો ઉપરાંત અપક્ષ ઉમેદવાર કાળુ વિરાણી વચ્ચે ટક્કર થશે. જેની ચૂંટણી પરિણામ ઉપર સઘન અસર થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગાંધીનગર ઉત્તર માટે પ્રથમ ઉમેદવારીપત્ર ભરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર (ઉ) બેઠક માટે આજે એક અપક્ષ ઉમેદવાર દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવી છે. ઉમેદવારી પત્ર ભરવાના આજે બીજે દિવસે અપક્ષ ઉમેદવાર તરીકે સે. ૩માં રહેતા રાજ પ્રજાપતિએ આજે ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી શ્રી પ્રકાશ મકવાણા સમક્ષ તેમનું ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું.

# સાઈના-મેરીકોમ મતદાન માટે લોકોને અપીલ કરશે

અમદાવાદ, તા. ૨૪

સમગ્ર દેશમાં મતદાન અંગે મતદારોમાં જાગૃતિ વધારવા અત્યાર સુધી ચૂંટણી પંચ દ્વારા નેશનલ આઈકોન તરીકે પૂર્વરાષ્ટ્રપતિ અબ્દુલ કલામ અને ભારતીય ક્રિકેટ ટીમ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની નિમણુંક કરવામાં આવી હતી. જો કે મહિલા મતદારોને ધ્યાનમાં રાખીને હવે પંચે નેશનલ આઈકોન તરીકે ઓલિમ્પિક મેડલ વિજેતા બેડમિંટન પ્લેયર સાઈના નેહવાલ અને મહિલા બોક્સર મેરી કોમની નિમણુંક કરી છે. આ બંનેના પ્રમોશનલ મેસેજીસ તૈયાર થઈ રહ્યા છે. અને કદાચ ગુજરાતમાં તેનો ઉપયોગ થાય તેવી શક્યતા છે.





**ઉત્તેજનાસભર ચર્ચા :** ટી.વી.-૯ ન્યૂઝ ચેનલ દ્વારા શનિવારની સાંજે ચિલોડાના એક રિસોર્ટ ખાતે ચૂંટણી ચોરાનું લાઈવ ટોક શૉ યોજાયો હતો. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના જિલ્લાભરના સક્રિય કાર્યકરો આ કાર્યક્રમમાં ઉમટ્યા હતા. ભાજપના આગેવાનોએ વિકાસની વાતો કરી. જ્યારે કોંગ્રેસે વિકાસના નામે ચાલતા જુઠ્ઠાણાંઓના આક્ષેપો કર્યા. બંને પક્ષો દ્વારા આક્ષેપો અને પ્રતિઆક્ષેપોથી સમગ્ર વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું. ભારતીય જનતા પાર્ટી વતી ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ અને કોંગ્રેસ વતી પ્રદેશ મહામંત્રી શ્રી નિશિત વ્યાસે પક્ષના મુદ્દાઓ રજૂ કર્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# વિધાનસભાનું ૫.૫૦ કરોડનું મકાન

## ગુજરાતની ભૂમિના રાજા



- ગૌતમ પુરોહિત


પહેલી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની રચના થતાં સૌથી -થમ ઁ- ગુજરાત વિધાનસભાના મકાનનો ઉપસ્થિત થયો. તત્કાલિન મુખ્યમંત્રી ડો.જીવરાજ મહેતાએ વિચારણાના અંતે અમદાવાદ ખાતે નવી સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીગના સભાખંડની વિધાનસભા ગૃહ માટે પસંદગી કરી હતી. તેમાં જરૂરી સુધારાવધારા કરી તા.૧૮-૮-૧૯૬૦ના રોજ -થમ ગુજરાત વિધાનસભાની -થમ બેઠક ત્યાં મળી હતી.

ગાંધીનગરની રચના થતાં ફરીથી વિધાનસબાના મકાનનો ઁ- ઉપસ્થિત થયો. અધ્યક્ષ રાઘવજી લેઉઆએ ગાંધીનગર ખાતે જુદા જુદા મકાનોની મુલાકાત લઈ મધ્યસ્થ ગ્રંથાલય માટે તૈયાર થતા મકાનને વિધાનસભા માટે પસંદ કર્યું અને વિધાનસભા તા.૧૧-૧૨-૧૯૭૧ના રોજ અમદાવાદથી ગાંધીનગર ખાતે તે મકાનમાં ખસેડવામાં આવી હતી.

ગાંધીનગરનો વિકાસ થતાં ગુજરાત વિધાનસભાના કાયમી મકાનની જરૂરિયાત જણાઈ હતી અને તે અંગે વિચારણા ૧૯૬૯થી થઈ હતી. રાઘવજી લેઉઆએ હાલના વિધાનસભાના મકાનની ડિઝાઈન તૈયાર કરાવી મંજૂર કરી હતી, પરંતુ ત્યારબાદ આ બાબત વિસારે પડી ગઈ હતી.

૧૯૭૫માં કુન્દનલાલ ધોળકિયા અધ્યક્ષ બનતાં તેઓએ વિધાનસભાના બાંધકામ અંગ રસ લેવાનું શરૂ કર્યુ અને તેઓએ વિધાનસભાના સ્થળની પસંદગી કરી હતી. કુન્દનલાલ ધોળકિયાના અધ્યક્ષપદે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ નિલમ સંજીવ રેડ્ડીના હસ્તે તા.૨૦-૩-૧૯૭૮ના રોજ વિધાનસભા ભવનનું ખાતમુહૂર્ત થયું હતું.

૧૯૮૨માં ૫.૫૦ કરોડના ખર્ચે વિધાનસભાનું મકાન તૈયાર થતાં તા.૮-૭-૧૯૮૨ના રોજ રાજયપાલ શારદા મુખર્જીના હસ્તે વિધાનસભા ભવનનું ઉદ્‌ઘાટન થયું હતું. વિધાનસભા ભવનને ગુજરાતના સપૂત ભારતની લોકસભાના -થમ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ પટેલની યાદગીરીમાંથીઁ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ ભવન નું નામ અપાયું છે.



વિધાનસભાના મકાન માટે કુન્દનલાલ ધોળકીયાએ તેમજ નટવરલાલ શાહે રસ લીધો હતો. પરંતુ ત્યારે ડિઝાઈન મુજબના મકાનનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું હતું. જેથી તેમાં બહુ ફેરફારો શક્ય ન હતા. આ મકાન ખૂબ જ મોટું પરંતુ તેમાં સમાવેશ કરવામાં આવનાર વિધાનસભા સચિવાલય માટે ખૂબ જ નાનું પુરવાર થયેલ છે. અત્યારે પણ જગ્યાની ખેંચ જણાય છે. સાધારણ રીતે વિધાનસભામાં અધ્યક્ષની ચેમ્બર વિધાનસભાની ચેમ્બરને અડીને હોય છે. જેથી અધ્યક્ષ પોતાની ચેમ્બરમાંથી સીધા સભાગૃહમાં કોઈ જાતની રૂકાવટ વગર આવી શકે.

અત્યારે અધ્યક્ષની ચેમ્બર અને સભાગૃહની ચેમ્બર વચ્ચે લોબી છે અને અંતર પણ ઘણું છે. પરિણામે અધ્યક્ષને સભાગૃહમાં જતી વખતે બહાર ઉભેલ વ્યક્તિઓને દૂર ખસેડી જવું પડે છે. બીજી ખામી વિધાનસભા ભવનનું મુખ્ય દ્વાર છે. વિધાનસભાના પોડીયમ પર એલ્યુમિનિયમ સેકશનનો ખૂબ જ મોટો દરવાજો છે અને તે દરવાજા પર સંત્રી સતત પહેરો ભરે છે.

સામે વિધાનસભા ભવનમાં આવવા માટેના સરસ ગુલાબી પથ્થરના પગથિયાં છે. પરંતુ તેનો કોઈ ઉપયોગ થતો નથી. પરિણામે સંત્રીને અધ્યક્ષ વગેરે સભાગૃહના અધિકારીઓ આવે ત્યારે તેઓને ઔપચારિક આવકાર આપવાની તક મળતી નથી. બધા જ મહાનુભાવો ભોંયતળિયેથી લિફ્ટ દ્વારા ઉપર ચડી જતા હોવાથી આ ભવ્ય મુખ્ય દરવાજાનો કોઈ પણ ઉપયોગ થતો નથી.